અપીલ અરજી નં.૩૬ તા.૨૧–૪–૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્ર સિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૬–૩–૧૧ની અરજીથી (૧) સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનના વિસ્તારોમાં ગેરકાયદે, પરવાનગી વગરના માર્જીનની કે સરકારી જગ્યામાં થયેલ અનઅધિકૃત બાંધકામો વિરૂધ્ધ થયેલી કાર્યવાહી, જેમ કે નોટિસ આપી હોય તો તેની નકલ સહિતની માહિતિ વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૪–૧૧ ની **SMC/FAP/** નં.૩૬/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૬–૩–૧૧ની અરજીથી (૧) સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનના વિસ્તારોમાં ગેરકાયદે, પરવાનગી વગરના માર્જીનની કે સરકારી જગ્યામાં થયેલ અનઅધિકૃત બાંધકામો વિરૂધ્ધ થયેલી કાર્યવાહી, જેમ કે નોટિસ આપી હોય તો તેની નકલ સહિતની માહિતિ વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતિ આપવા બાબતે નિયત સમયઅવધિમાં કોઈ નિર્ણય મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૪ તા.૨૯–૪–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન, સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીઓ તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૬–૩–૧૧ ની અરજીથી ગેરકાયદેસર બાંધકામ અંગેની નોટીસો બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને એડી.સીટી ઈજનેર ઉધનાઝોનને કરવામાં આવેલ. જેમાં (૧) સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનના વિસ્તારોમાં ગેરકાયદે, પરવાનગી વગરના માર્જીનની કે સરકારી જગ્યામાં થયેલ અનઅધિકૃત બાંધકામો વિરૂધ્ધ થયેલી કાર્યવાહી, જેમ કે નોટિસ આપી હોય તો તેની નકલ સહિતની માહિતિ. (૨) નોટીસમાં આપેલ મુદત પૂરી થયા બાદમાં થયેલી કાર્યવાહીની સંપૂર્ણ માહિતી તેમજ નોટીસ આપ્યા બાદમાં ડીમોલીશન કરવામાં આવેલ હોય તેવા બાંધકામ અને જે તે બિલ્ડર તથા નકલ સહિતની સંપૂર્ણ માહિત. (૩) નોટીસ આપેલી હોય મુદત પૂરી થઈ ગઈ હોય ત્યાર બાદ કોઈ કાર્યવાહી કે ડીમોલીશન નહીં થયેલ હોય તેવા બાંધકામો અને બિલ્ડર તેમજ કારણો સહિતની સંર્પર્ણ માહિતી. (૪) ઉપરોકત ત્રણેય મુદ્દાઓમાં જે તે જવાબદાર બેજવાબદાર અધિકારીના નામ હોદ્દા અને પગાર સહિતની સંપૂર્ણ માહિતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ/૮૧૩ તા.૧૯–૩–૧૧ થી જાહેર માહિતી અધિકારી તમામઝોનને અરજદારની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા લીંબાયતઝોન તરફથી માહિતી કે નિર્ણય મળ્યો હોવાનું જણાવી તા.૨૧–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અત્રેથી લાગત જાહેર માહિતી અધિકારી પાસેથી પૂરક વિગતો માંગવામાં આવેલ. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ જણાતી કે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૩–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બંને જાહેર માહિતી અધિકારીઓ તરફથી  પૂરી પડાયેલ ન હોઈ  આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે  અત્રેની જાણ હેઠળ  પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :  –૬–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને  જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન),સીટી ઈજનેર  અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) .....જાણ તથા અમલ  માટે .
(૨) શ્રી  મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,